


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 030
Dt.: 04-12-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### વિપક્ષના હોબાળા બાદ મોદી સરકાર ઝૂકી

# નવા ફોનમાં સંચાર સાથી એપનો પ્રી-ઈન્સ્ટોલેશન ઓર્ડર પાછો ખેંચ્યો

## સરકારે સાયબર સુરક્ષાને મજબૂત કરવા માટે બધા નવા સ્માર્ટફોનમાં સંચાર સાથી એપને પહેલાથી ઈન્સ્ટોલ કરવાનું ફરજીયાત કર્યું હતું પરંતુ હવે આદેશ પરત લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંચાર સાથી એપને લઈને શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે આ એપને ફોનમાં ફરજીયાત રાખવાના આદેશને પરત લઈ લીધો છે. સરકારે સાયબર સુરક્ષાને મજબૂત કરવા માટે બધા નવા સ્માર્ટફોનમાં સંચાર સાથી એપને પહેલાથી ઈન્સ્ટોલ કરવાનું ફરજીયાત કર્યું હતું, પરંતુ હવે આ આદેશને પરત લઈ લીધો છે.

એપની લોકપ્રિયતા ઝડપથી વધી રહી હતી એટલે તેને ફરજીયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેથી ઓછા જાગૃત લોકો સુધી સુરક્ષા સરળતાથી પહોંચી શકે.

છેલ્લા એક દિવસમાં ૬ લાખ લોકોએ આ એપ ડાઉનલોડ કરી રજીસ્ટ્રેશન કરાવ્યું જે પહેલાના મુકાબલે ૧૦ ગણું વધુ છે. સરકાર તરફથી કહેવામાં આવ્યું કે અત્યાર સુધી ૧.૪ કરોડ યુઝર આ એપને ડાઉનલોડ કરી ચૂક્યા છે અને દરરોજ આશરે ૨૦૦૦ ફ્રોડની ઘટનાઓની જાણકારી મળી રહી છે. કોંગ્રેસે રાજ્યસભામાં સંચાર સાથી મોબાઈલ એપને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે આ દરેક વ્યક્તિના નિજતાના અધિકારનું હનન છે. શૂન્યકાળ દરમિયાન કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યુ કે એપની ઘણી વિશેષતાઓને લઈને આશંકા છે કે તેનાથી દરેક યુઝર્સના વાસ્તવિક સમયનું લોકેશન, સર્ચ હિસ્ટ્રી, નાણાકીય ટ્રાન્ઝેકશન અને એસએમએસ અને વોટ્સએપ દ્વારા થનારી વાતચીત પર નજર રાખવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૮ નવેમ્બરના રોજ જારી કરાયેલા આદેશ મુજબ, તમામ મોબાઈલ ફોન ઉત્પાદકોને ભારતમાં વેચાતા નવા હેન્ડસેટ અને જૂના ઉપકરણો બંને પર સોફ્ટવેર અપડેટ દ્વારા સંચાર સાથી એપ્લિકેશન પ્રી-ઈન્સ્ટોલ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે મોબાઈલ ફોન કંપનીઓએ ખાતરી કરવી જોઈએ કે પ્રી-ઈન્સ્ટોલ કરેલ સંચાર સાથી એપ્લિકેશન પ્રથમ ઉપયોગ અથવા ઉપકરણ સેટઅપ દરમિયાન વપરાશકર્તાઓ માટે સરળતાથી દશ્યમાન અને ઉપલબ્ધ હોય. સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ બુધવારે (૩ ડિસેમ્બર) ઘેરાયેલા વિવાદ વચ્ચે તેમણે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે જણાવ્યું હતું કે સંચાર સાથી એપ્લિકેશન દ્વારા જાસૂસી શક્ય નથી અને શક્ય બનશે નહીં. સાયબર સુરક્ષા કારણોસર તમામ નવા મોબાઈલ ઉપકરણો પર એપ્લિકેશનને પ્રી-લોડ કરવાના સરકારના નિર્દેશને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર દેશની જનતાના હાથમાં અધિકાર આપવા ઈચ્છે છે જેથી તે ખુદને સુરક્ષિત રાખી શકે. તેમણે કહ્યું કે જનતાની પ્રતિક્રિયા પર મળેલી સફળતાના આધાર પર આ પ્રયોગ કરવામાં આવ્યો છે અને ભવિષ્યમાં જનતાના સૂચનોના આધાર પર સરકાર તેમાં પરિવર્તન માટે તૈયાર છે.

## ૩૨ હજાર પ્રાથમિક શિક્ષકો માટે મોટી ખુશખબર, હવે નહીં જાય નોકરી

(સંપૂર્ણ સમાચાર સેવા)કલકત્તા

પશ્ચિમ બંગાળના ૩૨,૦૦૦ પ્રાથમિક વિદ્યાલયના શિક્ષકોને બુધવારે મોટી ખુશખબર મળી છે. કલકત્તા હાઈકોર્ટની એક ખંડપીઠે બુધવારે એકલ પીઠના તે આદેશને રદ કરી દીધો છે, જેમાં પશ્ચિમ બંગાળમાં ૩૨,૦૦૦ પ્રાથમિક વિદ્યાલયના શિક્ષકોની નિમણૂકો રદ કરવામાં આવી હતી. આનાથી હવે આ શિક્ષકોની નોકરી પરનું જોખમ દૂર થઈ ગયું છે. આ શિક્ષકોની ભરતી ૨૦૧૪ની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) દ્વારા કરવામાં આવી હતી. જસ્ટિસ તપબ્રત ચક્રવર્તીની અધ્યક્ષતાવાળી પીઠે જણાવ્યું કે, તે એકલ પીઠના આદેશને જાળવી રાખવા માટે ઈચ્છુક નથી, કારણ કે તમામ ભરતીઓમાં અનિયમિતતાઓ સાબિત થઈ નથી. ન્યાયાલયે કહ્યું કે, નવ વર્ષ પછી નોકરી સમાપ્ત કરવાથી પ્રાથમિક શિક્ષકો અને તેમના પરિવારો પર ખૂબ જ પ્રતિકૂળ અસર પડશે. ખંડપીઠે જણાવ્યું કે, સીબીઆઈએ જેને ઉચ્ચ ન્યાયાલય દ્વારા મામલાની તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, તેણે શરૂઆતમાં ૨૬૪ નિમણૂકોની ઓળખ કરી હતી, જેમાં અનિયમિતતાઓ થઈ હતી, ત્યારબાદ અન્ય ૯૬ શિક્ષકોના નામ એજન્સીની તપાસના દાયરામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે, આ જોતાં સંપૂર્ણ પસંદગી પ્રક્રિયાને રદ કરી શકાય નહીં. તત્કાલીન ન્યાયમૂર્તિ અભિજીત ગંગોપાધ્યાયની એકલ પીઠે ૧૨ મે ૨૦૨૩ના રોજ આ ૩૨,૦૦૦ પ્રાથમિક શિક્ષકોની નિમણૂકો રદ કરી દીધી હતી. પશ્ચિમ બંગાળના શિક્ષણ મંત્રી બ્રત્યુ બસુએ પ્રાથમિક વિદ્યાલયોના ૩૨,૦૦૦ શિક્ષકોની નિમણૂકને રદ કરનારા એકલ પીઠના નિર્ણયને નિરસ્ત કરવા બદલ કલકત્તા ઉચ્ચ ન્યાયાલયની ખંડપીઠની પ્રશંસા કરતા બુધવારે કહ્યું કે, સત્યનો વિજય થયો છે, કારણ કે શિક્ષકોની નોકરીઓ "સુરક્ષિત" બની રહી છે. બસુએ એક્સ પર એક પોસ્ટમાં પશ્ચિમ બંગાળ પ્રાથમિક શિક્ષણ બોર્ડને પણ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે, "પ્રાથમિક વિદ્યાલયના ૩૨,૦૦૦ શિક્ષકોની નોકરીઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે. શિક્ષકોને મારી શુભેચ્છાઓ. સત્યનો વિજય થયો છે."

### બાંગ્લાદેશના પૂર્વ આર્મી જનરલે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું

## જ્યાં સુધી ભારતના ટુકડાં નહીં થાય ત્યાં સુધી બાંગ્લાદેશમાં શાંતિ નહીં સ્થપાય

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા,

બાંગ્લાદેશમાં જયારથી સત્તાપલટો થયો છે ત્યારથી ભારત સાથે તેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. અવારનવાર બાંગ્લાદેશના નેતા, આર્મી લીડર્સ તરફથી વિવાદિત નિવેદનો કરવામાં આવતા હોય છે ત્યારે આ વખતે તો હદ થઈ ગઈ. બાંગ્લાદેશના આર્મીના પૂર્વ જનરલે ભારત વિરુદ્ધ ઝેર ઓકતા તમામ હદ વટાવી. તેમણે કહ્યું કે જ્યાં સુધી ભારતના ટુકડાં નહીં થાય ત્યાં સુધી બાંગ્લાદેશમાં શાંતિ નહીં સ્થપાય.

બ્રિગેડિયર જનરલ (નિવૃત્ત) અબ્દુલ્લાહિલ અમાન આઝમીએ તાજેતરમાં આ વાત એક ઓનલાઈન પ્લેટફોર્મ પર ચર્ચા દરમિયાન કહી હતી. ઉલ્લેખનીય છે કે અમાન આઝમી જમાત એ ઈસ્લામીના પ્રમુખ રહી ચૂકેલા ગુલામ આઝમના દીકરા છે.

અમાન આઝમીનો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો જેમાં તે કહી રહ્યાછે કે જ્યાં સુધી ભારતના ટુકડા નહીં થાય ત્યાં સુધી બાંગ્લાદેશમાં સંપૂર્ણપણે શાંતિ નહીં આવે. આઝમી અગાઉ પણ અનેકવાર આ રીતે ભારત વિરુદ્ધ ભડકાઉ ભાષણ અને નિવેદન આપી ચૂક્યા છે. તેમણે આવી વાંધાજનક ટિપ્પણીઓ માટે ખાસ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો.

## રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ભારત યાત્રા પહેલાં દિલ્હીમાં હાઈ સિક્યોરિટી એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ચોથી ડિસેમ્બરને ગુરુવારે ભારતની યાત્રાએ આવી રહ્યા છે. પુતિનની યાત્રાને લઈને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજધાની દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવાઈ છે. સુરક્ષા એજન્સીઓને હાઈએલર્ટ પર મૂકવામાં આવી છે. દિલ્હીમાં હાઈ સિક્યોરિટી એલર્ટ છે અને મહત્વના સ્થળો પર મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ ગોઠવવામાં આવી છે.દિલ્હી પોલીસ, સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ(એસપીજી) અને કેન્દ્રીય એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. હોટલથી મીટિંગ સ્થળ સુધી મલ્ટી-લેયર સિક્યોરિટી રાખવામાં આવી છે. પુતિન વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતાઓ પૈકીના એક છે, અને તેમની ઉચ્ચસ્તરીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારત અને રશિયા બંને દેશોની સુરક્ષા એજન્સીઓ સાથી મળીને કામ કરી રહી છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે સત્તાવાર માહિતીમાં જણાવ્યું કે, પુતિનની ભારત યાત્રા દરમિયાન એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ એજન્ડામાં સામેલ છે. તેમજ ફીફ્થ જનરેશનના ફાઈટર જેટ એસયુ-૫૭ પણ ડીલની ચર્ચા માટેના એજન્ડામાં સામેલ છે. રાષ્ટ્રપતિ પુતિનના આવવા અને જવાના તમામ પોઈન્ટ પર સ્નાઈપર્સ ગોઠવવામાં આવ્યા છે. તેમજ ડ્રોન દ્વારા દેખરેખ રખાશે. ટેક્નિકલ ટીમો દરેક સિગ્નલ, કોમ્યુનિકેશન અને નેટવર્ક પર વોચ રાખશે. દિલ્હી પોલીસના કંટ્રોલ રુમમાં 24×7 એક અલગ મોનિટરિંગ ડેસ્ક બનાવવામાં આવી છે.પુતિનની સુરક્ષા સંભાળતી રશિયાની સ્પેશિયલ પ્રોટેક્શ ટીમ કેટલાય દિવસો પહેલા ગુપ્ત રીતે દિલ્હી આવી ચૂકી છે. આ ટીમ એરપોર્ટ, મીટિંગ સ્થળ અને આખા રુટનું સૂક્ષ્મ તપાસ કરી રહી છે. કોણ કયા કેમેરામાં આવશે, કઈ લિફ્ટનો ઉપયોગ થશે, કયા દરવાજાથી એન્ટ્રી થશે અને કયા દરવાજાથી એક્ઝિટ થશે - આ તમામ બાબતો મિનિટ-ટુ-મિનિટ નક્કી કરાઈ છે. રશિયન સુરક્ષા અધિકારીઓની ટીમ હોટલ, એરપોર્ટ અને મીટિંગ સ્થળની તપાસ કરી રહી છે.પુતિન જ્યાં પણ જાય છે, ત્યાં તેમની સાથે એક મોબાઈલ કેમિકલ લેબોરેટરી પણ રાખવામાં આવે છે, જે તેમના ખાવા-પીવાની ચીજવસ્તુઓનું ટેસ્ટિંગ કરે છે.

### ફોજદારી કેસમાં જામીન માટે સમાનતાનો સિદ્ધાંત એકમાત્ર આધાર નથી

# સહ-આરોપીને જામીન મળ્યાના એકમાત્ર આધારે આરોપીને જામીન ન મળે: SC

### અલ્હાબાદ હાઈકોર્ટે હત્યાના એક કેસમાં સહ-આરોપીને જામીન આપવામાં આવ્યા હોવાના એકમાત્ર આધારે આરોપીને પણ જામીન આપ્યા હતાં



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ અવલોકન જણાવ્યું હતું કે જામીન એક નિયમ છે અને જેલ એક અપવાદ છે, તેવા સિદ્ધાંતનું પાલન કરી અદાલતો જામીન આપતી હોય છે, પરંતુ ફોજદારી કેસોમાં આરોપીને જામીન આપવા માટે સમાનતાનો સિદ્ધાંત એકમાત્ર આધાર નથી. આ અવલોકન કરીને સર્વોચ્ચ અદાલતે સહ-આરોપીને જામીન મળ્યા હોવાથી આરોપીને જામીન આપતા અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો.

અલ્હાબાદ હાઈકોર્ટે હત્યાના એક કેસમાં સહ-આરોપીને જામીન આપવામાં આવ્યા હોવાના એકમાત્ર આધારે આરોપીને પણ જામીન આપ્યા હતાં.

જસ્ટિસ સંજય કરોલ અને એન કોટીશ્વર સિંહ બનેલી સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે જામીનને ઘણીવાર નિયમ અને જેલને અપવાદ ગણાવવામાં આવે છે. આનો પર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. જોકે આનો અર્થ એ નથી કે આરોપી વ્યક્તિની ધરપકડ કયા ગુના માટે કરવામાં આવી છે તેના સંજોગોને ધ્યાનમાં લીધા વગર જામીનની રાહત મંજૂર કરવામાં આવે. આ સંદર્ભમાં એ નોંધવું જોઈએ કે જામીન આપતી વખતે કોર્ટે અનેક પાસાઓ ધ્યાનમાં લેવા પડે છે. આ અદાલતે આપેલા ઘણા ચુકાદાઓમાં ગણતરીમાં લેવા યોગ્ય ઘણા પાસાંઓનું વર્ણન કરવામાં આવ્યું છે.ખંડપીઠે જણાવ્યું હતું કે આરોપીઓને જામીન આપવામાં સંબંધિત તમામ બાબતો ધ્યાનમાં લેવામાં અલ્હાબાદ હાઈકોર્ટ નિષ્ફળ ગઈ છે. કોર્ટે સમાનતાના એકમાત્ર આધાર પર ભૂલથી જામીન આપ્યા હોય તેવું લાગે છે.

કોર્ટે સમાનતાનો સીધો સિદ્ધાંત લાગુ કરવાની ગેરસમજ કરી છે. તેમાં આરોપીએ ભજવેલી ભૂમિકા પર ધ્યાન કેન્દ્રીત કરાયું નથી. એકમાત્ર સમાનતાના સિદ્ધાંતને આધારે જામીન આપી શકાય નહીં અને તે કાયદો યોગ્ય અમલ છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે એક જ ગુનામાં આરોપીઓની વિવિધ ભૂમિકા હોઈ શકે છે. કેટલાંક આરોપી મોટા ગ્રૂપનો સભ્ય હોય છે, જ્યારે કેટલાંક હિંસા ભડકાવાની ભૂમિકામાં હોય છે.

### પૂરપ્રકોપને લીધે ૮૦૦ લોકો લાપત્તા, હજારો લોકો ફસાઈ ગયા

# ઈન્ડોનેશિયા-શ્રીલંકા-થાઈલેન્ડમાં ભયાનક પૂર-ભૂસ્ખલનને લીધે ૧૩૦૩ લોકોનાં મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)બટાંગ તોરુ

ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને થાઈલેન્ડમાં ગત સપ્તાહે આવેલા ભયાનક પૂર અને ભૂસ્ખલનને લીધે ૧૩૦૩થી વધુ લોકોના મોત થયા છે. તેમજ ૮૦૦થી વધુ લોકો લાપતા થયાના અહેવાલો સાંપડ્યા છે. આ દરમિયાન ઈમરજન્સી ટુકડીઓ મંગળવારે જીવતા બચી ગયેલા લોકો સુધી પહોંચવા અને મૃતદેહોને બહાર કાઢવા માટે સક્રિય પ્રયાસો કરી રહી છે. કેટલાય દિવસો સુધી થયેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા, જેના કારણે હજારો લોકો ફસાઈ ગયા અને કેટલાય લોકો મદદ માટે ઘરની છતો અને વૃક્ષો પર ચડી ગયા ગયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પૂર અને ભૂસ્ખલનને લીધે ઓછામાં ઓછા ૧૩૦૩થી વધુ લોકોના મોત થયા છે, જેમાં ઈન્ડોનેશિયામાં ૭૧૨ લોકો, શ્રીલંકામાં ૪૧૦ લોકો અને થાઈલેન્ડમાં ૧૮૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે કહ્યું કે, મૃતકોનો સાચો આંકડો જાણવામાં સમય લાગી શકે છે. સૌથી વધુ પ્રભાવિત ઈન્ડોનેશિયાના સુમાત્રા દ્વીપના ગામો સુધી પહોંચવામાં બચાવ ટુકડીઓને ખૂબ મુશ્કેલ થઈ છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ડિસેમ્બર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | (AAY) | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | (PHH) | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ડિસેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

